





# અંબાજીમાં ભાદરવી પૂનમ પહેલા જ શ્રદ્ધાળુઓનું ઘોડાપુર : લીમખેડાનો સંઘે મંદિર પર ૧૧૧૧ ગજની ધજા ચડાવી

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભરાતા ભાદરવી પૂનમના મેળાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગત વર્ષે કોરોનાની મહામારીન ભાદરવી પૂનમનો મેળો મુલતવી રખાયો હોઈ ચાલુ વર્ષે પણ મેળો યોજાશે કે કેમ તેની અસમંજસ વચ્ચે યાત્રીકોએ વહેલી પદયાત્રા શરૂ કરી છે જેને મેળા શરૂ થવાના પહેલે જ માતાજીના દર્શને પહોંચી રહ્યાં હોય અંબાજીમાં પદયાત્રીઓ નું ઘોડા પુર ઉમટી રહ્યું છે. અંબાજીમાં પદયાત્રીઓ ના પ્રવાહ વચ્ચે દાહોદ જિલ્લાના લીમખેડાથી દિપોરામ ગ્રુપ દ્વારા સૌથી લાંબી ૧૧૧૧ ગજની ધજા સાથે નીકળેલો પગપાળા સંઘ અંબાજી આવી પહોચ્યો હતો અને માતાજીના મંદિરે ધજા રોહણ કર્યું હતું ૧૫૧ જેટલા પદયાત્રીઓ આ એક કિલોમીટર જેટલી લાંબી ધજા ને માતાજી ના મંદિરે ચઢાવામા આવી હતી. જોકે આટલી લાંબી ધજા કોઈ હરીફાઈ કે હુંસા તુંસી નથી પણ સમગ્ર લીમખેડા વિસ્તારનો આસ્થા નું પ્રતીક માનવામાં આવી રહ્યું છે નનવરાત્રી મા માં અંબે ને તેડુ આપવા પદયાત્રીઓ અંબાજી પહોચી રહ્યા છે.

### હવે ગુજરાતમાં ઈ-કોમર્સ એક્સપોર્ટના નવા દ્વાર ખુલશે

# રાજ્ય સરકારે એમેઝોન સાથે એમઓયુ કર્યા

ગાંધીનગર, તા.૦૭

આ એમ.ઓ.યુ. અંતર્ગત એમેઝોન ઈન્ડિયા દ્વારા ઈ-કોમર્સ એક્સપોર્ટ માટેની ક્ષમતા વર્ધન કેપેસિટી બિલ્ડિંગ સવલતોનું નિર્માણ થતા રાજયના લાખો એમ.એસ.એમ.ઈ ઉદ્યોગોની ‘મેડ ઈન ઈન્ડિયાહ્ન- ‘મેડ ઈન ગુજરાતહ્ન પ્રોડક્ટ્સ આંતરરાષ્ટ્રીય બજારો અને ઉપભોક્તા વર્ગ સુધી સરળતાથી પહોંચતી થશે અને વોકલ ફોર લોકલની નેમ સાકાર થશે. એમેઝોન ખાસ કરીને ટેક્સ્ટાઈલ, જેમ એન્ડ જવેલરી, હસ્તકલા કારીગરી ની ચીજ વસ્તુઓ તેમજ હેલ્થ કેર પ્રોડક્ટ અંતર્ગત હર્બલ પ્રોડક્ટ ઓર્ગેનિક પ્રોડક્ટ માટે ગુજરાત ના એમએસએમઈને વિશ્વના દેશોના ગ્રાહકો સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે. ૨૦૨૦-૨૧ના વર્ષમાં ગુજરાત દેશની કુલ નિકાસમાં ૨૧ ટકા



યોગદાન સાથે એક્સપોર્ટ ક્ષેત્રે દેશનું અગ્રિમ રાજ્ય બન્યું છે. હવે આ એમ.ઓ.યુ. ની ફલશ્રુતિએ ઉદ્યોગ વિભાગના સહયોગથી એમેઝોન રાજયમાં સ્જીસ્ઈ કલસ્ટર્સ ધરાવતા મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, ભરુચ અને રાજકોટ સહિત ના શહેરોમાં મ્૨ઝ ઈ-કોમર્સ એક્સપોર્ટ અંગે ટ્રેનિંગ સેશન અને વેબીનાર તથા વર્કશોપના આયોજન કરી સ્જીસ્ઈ એકમોને પોતાની પ્રોડક્ટ વિશ્વ બજારમાં પહોચડવામાં સહાયરૂપ બનશે. એટલું જ નહી યુ.એસ., કેનેડા, બ્રાઝિલ, ફ્રાંસ, જર્મની, યુ.કે., ઓસ્ટ્રેલિયા,જાપાન,સિંગાપોર, ટર્કી અને યુ.એ.ઈ. જેવા ૧૭ દેશોમાં કાર્યરત એમેઝોનના ડીજીટલ માર્કેટ પ્લેસ ગુજરાતના સ્જીસ્ઈ એકમો માટે બિઝનેસ ટુ કસ્ટમર્સ (મ્૨ઝ) ઈ-કોમર્સ એક્સપોર્ટની એટલે કે નિકાસ દ્વારા ગ્રાહકો સાથે જ સીધા વેચાણની નવી તકો ઉભી કરશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી એ આ હેતુસર આગામી દિવાળી પૂર્વે રાજ્યના ચાર રીજીયનમાં એમએસએમઈ માટે એમેઝોન તાલીમ કાર્યક્રમો શરૂ કરે તેવું પ્રેરક સૂચન પણ કર્યું હતું. રાજયના એમ.એસ.એમ.ઈ. વિશ્વના ૨૦૦થી વધુ દેશોમાં પોતાની પ્રોડક્ટ એક્સપોર્ટ કરી શકે તે હેતુથી રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ અને એમેઝોન ઈન્ડિયા વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડર્સ્ટેન્ડીંગ ર્ઁ કરવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના સ્જીસ્ઈ કમિશનર શ્રી રણજીત કુમાર અને એમેઝોનના ગ્લોબલ સેલિંગ હેડ શ્રી અભિજીત કામરાએ આ એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા હતા. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવ કુમાર ગુપ્તા અને એમેઝોનના પ્રોજેક્ટ હેડ, પબ્લિક પોલિસિ ઓપરેશન હેડ સહિતના અધિકારીઓ પણ આ અવસરે સહભાગી થયા હતા.

# શહેરમાં ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ વાપરવાનો ટ્રેન્ડ વધ્યો

### કોરોના મહામારી પછી શહેરીજનો પર્યાવરણ બાબતે વધુ ગંભીર બન્યાં : મૂર્તિ વિતરકો પાસે ઈકો ફ્રેન્ડલી મૂર્તિના આગ્રહ રાખનારા વધ્યા : પોતાના ઘરમાં જ માટીના ગણેશજી બનાવવાનો ટ્રેન્ડ પણ અનેક પરિવારોમાં વધ્યો

ગાંધીનગર, તા. ૭

શ્રાવણના સમાપન સાથે જ શહેરમાં ગણેશ ઉત્સવના આગમનના એંધાણ વર્તાવા લાગ્યા છે. શહેરમાં આમ તો આ વર્ષે પણ સાર્વજનિક ગણેશ ઉત્સવોના આયોજન પર કોવિડ ગાઈડલાઈન અને સરકારના નિયમોના બંધનને કારણે ગ્રહણ લાગેલું છે પરંતુ શહેરમાં ભાવિકો દ્વારા પોતાના ઘરમાં શ્રીજીની સ્થાપના માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કોરોના મહામારી પછી પર્યાવરણ પ્રત્યે વધુ સભાન બની રહેલા શહેરના નાગરિકો દ્વારા આ વર્ષે વધુ સતર્કતા સાથે ઈકો-ફ્રેન્ડલી મૂર્તિનો આગ્રહ રાખવામાં આવી રહેલો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર શહેર શરૂઆતથી જ હરિયાળી વનરાજી આચ્છાદિત રહ્યું હોવા સાથે શહેરના નાગરિકોમાં સહજ રીતે પ્રકૃતિ પ્રેમ જોવા મળે છે. છેલ્લા કેટલાંક વર્ષોથી ગણેશ ઉત્સવમાં પ્લાસ્ટર ઓફ પેરીસની ગણેશજીની મૂર્તિઓ સામે ચાલી રહેલી વ્યાપક જનજાગૃતિની અસર શહેરમાં હવે ખૂબ જ અસરકારક રીતે વર્તાઈ રહી છે. ખાસ કરીને કોરોના મહામારીના સમયમાં શહેરીજનોમાં પ્રકૃતિના જતન પ્રત્યં ગંભીરતા વધી રહી છે. જેમાં તૌકતે વાવાઝોડા સહિતની કલાઈમેટ ચેન્જને સંબંધિત ઘટનાઓની અસર પણ પડી રહી છે. શહેરના મૂર્તિ વિતરકો પાસે હવે ‘માત્ર માટીના જ ગણેશ આપો’’ કહીને શ્રીજીની મૂર્તિ ખરીદતા ગ્રાહકોની સંખ્યા ખૂબ જ વધી છે એટલુ જ નહી પરંતુ મૂર્તિ વિતરકો દ્વારા પણ હવે ‘લઈ જાઓ સાહેબ, માટીના જ છે’ જેવા વિશ્વાસ આપવાના સંવાદો સાથે ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું વેચાણ કરવાનો પ્રયાસ જોવા મળી રહ્યો છે. મોટા ભાગના મૂર્તિ વિતરકોએ હવે પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓ લાવવાનું જ બંધ કરી દીધું છે અથવા ખૂબ જ ઓછી સંખ્યામાં લાવે છે જેની સામે તેઓ હવે માટીના ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિઓની સંખ્યા વધારી રહ્યાં છે.

વળી, આ સાથે શહેરમાં પોતાના ઘરે જાતે જ માટીની મૂર્તિ બનાવીને તેનું સ્થાપન કરવાનો ટ્રેન્ડ પણ જોવા મળી રહ્યો છે. શહેરમાં અનેક પરિવારો એવા છે જે ઘરમાં માટીની મૂર્તિ બનાવી રહ્યાં છે અને તેને રંગરોગાન કરીને સજાવવામાં પણ ઈકો ફ્રેન્ડલી કલરનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખી રહ્યાં છે.

## સંત સરોવર પાસે મનપા દ્વારા કૃત્રિમ વિસર્જન કુંડ બનાવાયા

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને ગણેશ મહોત્સવ-૨૦૨૧ અન્વયે પ્લાસ્ટર ઓફ પેરીસની બનેલી મૂર્તિઓ કે મૂર્તિને સુંદર બનાવવા પેઈન્ટસ કે અન્ય કેમિકલ્સના વપરાશને બદલે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ અને સુશોભન માટે વપરાતા કાપડનો ઉપયોગ કરવા આગ્રહ કર્યો છે. આ સાથે મૂર્તિ વિસર્જન માટે ઈન્દ્રોડા ગામ ખાતે સંત સરોવરની બાજુમાં બનાવાયેલા કૃત્રિમ વિસર્જન કુંડમાં જ કરવા અને સાબરમતી નદી કે નહેર-તળાવ વગેરેમાં વિસર્જન ના કરવા અપીલ કરી છે. તા. ૧૦ મી સપ્ટેમ્બરથી તા. ૨૧મી સપ્ટેમ્બર સુધી સરિતાઉદ્યાન પાછળના ભાગે સંત સરોવર તરફ જતા રસ્તે મનપા દ્વારા મૂર્તિ વિસર્જન માટે કૃત્રિમ કુંડ બનાવવામાં આવ્યો છે.



ઉમિયા માતાજી મંદિર, સેકટર-૧૨ ખાતે સોમવતી અમાવસ્યા નિમિત્તે શિવયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના અગ્રણી અશોકભાઈ વકીલ અને અન્ય કારોબારી સભ્યોએ આ શિવયજ્ઞમાં ભાગ લીધો હતો.

### વિચિત્ર મોસમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેવડી ઋતુના અહેસાસ વચ્ચે વાયરલ ફીવર અને શરદી ઉધરસના દર્દીઓ વધ્યા છે. સેકટરોમાં પણ કાદવ કિચ્ચડ વચ્ચે બિનજરૂરી વનસ્પિત ઉગી નિકળી છે. જેના લીધે સેકટરોમાં મચ્છર અને જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. સેકટરવાસીઓને એકબાજુ વરસાદની આશ છે બીજીતરફ વરસાદના અભાવ વચ્ચે વરસાદી સમસ્યાઓથી નગરજનો ત્રસ્ત છે. હળવા વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખોબોચિયા ઉભરાયા હતા. શહેરમાં ડેન્ગ્યુ મેલરીયાના રોગચાળાએ માથુ ઉચક્યુ છે ત્યારે મચ્છર ઉત્તપત્તિ સ્થાનોને ડામવા માટે સેકટરોમાં દવા છંટકાવ યોગ્ય રીતે થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

### આતંકી સક્રિય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સતર્કતા જાળવી રાખવાની જરૂર છે. આઈએસઆઈના આ નાપાક મનસૂબાને નાકામ કરવા માટે ભારતીય સુરક્ષા દળોએ સુરક્ષા વ્યવસ્થાને વધારી દીધી છે. પાકિસ્તાનથી લાગેલી સરહદ પર સર્વિલાંસ અને જવાનોની સંખ્યા સતત વધારાઈ રહી છે. જમ્મુ કાશ્મીરમાં ગામમાં ઘૂસણખોરી કરનારા વિદેશી આતંકવાદીઓને પનાહ આપવામાં આવે નહીં, આ માટે જમ્મુ કાશ્મીર પોલીસ સતત તેમના પનાહગારોની ઓળખમાં લાગેલી છે. જોકે ખીણમાં કેટલાક લોકો એવા છે જે વિદેશી આતંકવાદીઓને ના માત્ર પનાહ આપે છે પરંતુ તેમના મનસૂબાને સફળ બનાવવામાં પણ સ્થાનિક સ્તરે તેમની મદદ કરે છે. એવામાં સેનાના જવાન એવા લોકોની ઓળખમાં લાગેલા છે. જેથી આ નેટવર્કને ખતમ કરવામાં આવી શકે. મીડિયા રિપોર્ટસ અનુસાર આ વર્ષે જાન્યુઆરીથી લઈને અત્યાર સુધી આતંકવાદીઓને પનાહ આપનારા લગભગ ૫૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

### નેતૃત્વ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યાકૂબને ડિફેન્સ મિનિસ્ટરની જવાબદારી મળી શકે છે. યાકૂબ મુલ્લા હેબતુલ્લાના વિદ્યાર્થી રહ્યા છે. આ સરકાર ગઠનની ખાસ વાત છે કે તાલિબાનના એક અન્ય જૂથ હક્કાની નેટવર્કના નેતા સિરાઝુદ્દીન હક્કાનીને હોમ મિનિસ્ટરની જવાબદારી મળી શકે છે. તે જલાલુદ્દીન હક્કાનીના પુત્ર છે, જેણે સોવિયત યૂનિયન વિરુદ્ધ લડાઈનું નેતૃત્વ કર્યુ હતું. તો અમીર ખાન મુત્તકીને વિદેશ મંત્રી બનાવવાની તૈયારી છે. સિરાજુદ્દીન હક્કાનીને ગ્લોબલ આતંકી જાહેર કરવામાં આવ્યા છે. એફબીઆઈની વેબસાઈટ પ્રમાણે અમેરિકી વિદેશ મંત્રાલયે સિરાજુદ્દીન હક્કાનીની જાણકારી આપવા પર ૫૦ લાખ અમેરિકી ડોલર આપવાની જાહેરાત કરી હતી. અમેરિકી એજન્સીઓ પ્રમાણે સિરાજુદ્દીન પાકિસ્તાનમાં રહે છે. સિરાજુદ્દીનને મળી શકે છે હોમ મિનિસ્ટરની જવાબદારી, અમેરિકાએ જાહેર કરી છે આતંકી હક્કાની પાકિસ્તાનના નોર્થ વજીરિસ્તાન વિસ્તારમાં રહે છે. આ સિવાય તેના આતંકી સંગઠન અલકાયદા સાથે પણ સારા સંબંધ રહ્યા છે. કાબુલની એક હોટલમાં ૨૦૦૮માં થયેલા આતંકી હુમલામાં સિરાજુદ્દીન હક્કાની વોન્ટેડ રહ્યો છે. આ હુમલામાં એક અમેરિકી નાગરિક સહિત ૬ લોકોના મોત થયા હતા. માનવામાં આવી રહ્યુ છે કે હક્કાનીએ પાકિસ્તાનમાં બેસીને અફઘાનિસ્તાનમાં ઘણા આતંકી હુમલા કર્યા છે, જેમાં અમેરિકી અને નાટો સેનાઓને નિશાન બનાવવામાં આવી હતી.

# ચૂંટણીની જાહેરાત થતાં જ શહેરમાં ચૂંટણી કાર્યાલયો જીવંત બન્યા

### મહિનાઓથી સુમસામ પડેલા ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયો પર ચહલપહલ વધી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓની જાહેરાત સાથે જ છેલ્લા કેટલાંક મહિનાથી સુમસામ બનેલા રાજકીય ઉમેદવારોના કાર્યાલયોમાં ફરી ચહલપહલ જોવા મળી રહી છે. ગઈકાલથી જ શહેરના અનેક રાજકીય પક્ષોનો ચૂંટણી કાર્યાલયો પર કાર્યકર્તાઓ અને હોદ્દેદારોની બેઠકો યોજવા સાથે કાર્યાલયની સાફસફાઈ જેવા કાર્યો પણ હાથ ધરાયેલા જોવા મળ્યા હતા.

શહેરમાં કોરોના મહામારીની બીજી લહેર અગાઉ ચૂંટણીઓનો માહોલ જામ્યો હતો ત્યારે તમામ ઉમેદવારો દ્વારા પોત પોતાના વોર્ડમાં સેક્ટર વાઈઝ અથવા વિસ્તાર વાઈઝ ચૂંટણી કાર્યાલયો શરૂ કરાયા હતા જ્યાં સતત ચા-નાસ્તાની જયાફતો સાથે કાર્યકર્તાઓ માટે ભોજનની સુવિધા પણ જોવા મળતી હતી.

આ સાથે કાર્યાલયો પર રાત્રિ બેઠકો પણ સતત ચાલતી હતી પરંતુ ચૂંટણી મુલત્વી રાખવાની જાહેરાત થયા બાદ અનેક ઉમેદવારોએ મંડપ, ગાદી-ગાદલાં કે જગ્યાનું ભાડાનો ખર્ચ અટકાવવા કાર્યાલય બંધ કરી દીધા હતા. જે ઉમેદવારો પાસે પોતાની જગ્યામાં કે વગર ભાડાની જગ્યામાં કાર્યાલયો બનાવાયા હતા ત્યાં પણ કાર્યકર્તાઓની અવરજવર નહીવત થઈ જતા ચા-પાણી-નાસ્તાની સુવિધાઓ પર કાપ મુકવામાં આવ્યો હતો અથવા બંધ કરી દેવાઈ હતી જેના કારણે મહિનાઓથી ચૂંટણી કાર્યાલયો સુમસામ પડી ગયા હતા. જો કે ગઈકાલે મનપાની ચૂંટણીની તારીખો જાહેર થતાં જ ફરીથી ચૂંટણી કાર્યાલયોમાં ચહલપહલ શરૂ થઈ ગઈ છે અને બંધ થઈ ગયેલા ચૂંટણી કાર્યાલયો પણ ફરી શરૂ કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

# મનપાની ચૂંટણી પ્રચારનો શ્રીગણેશ કરતા વોર્ડ નં. ૮ ના ઉમેદવારો

ગાંધીનગર મહાનગર પાલિકાની શ્રાવણ માસના અમાસના અંતિમ દિવસે ચૂંટણી પંચે ચૂંટણી જાહેરાત કરતાં ઉમેદવારો સક્રિય બની ગયા છે. જેમાં વોર્ડ નં. ૮ કે જે મનપામાં સમાવિષ્ટ કરાયેલો નવો વિસ્તાર સરગાસણ ટીપી-૯ છે તેમાં આ ઉમેદવારો, કાર્યકરો અને હોદ્દેદારો રોડ ટુ રોડ નીકળ્યા હતા. મંગળવાર સવારે ભાજપના ઉમેદવારો ઉષાબેન ઠાકોર, છાયાબેન કે. ત્રિવેદી, રાજેશભાઈ પટેલ અને હિતેષભાઈ મકવાણાએ વોર્ડ નં. ૮ ના પ્રમુખ મેહુલભાઈ પટેલ, મહામંત્રી અમિતભાઈ પટેલ તેમજ મોરચાના કાર્યકર્તાઓ સાથે વોર્ડ નં. ૮ સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં માર્ગો ઉપર મચ્છરજન્ય દવાનો છંટકાવ કરી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. વધુમાં આ વિસ્તારની મૂળભૂત સુવિધાઓ અને સગવડો માટે આગામી સમયમાં તેમના પ્રયાસો સઘન રહેશે તેવુ પણ તેઓએ જણાવ્યુ હતુ. જેમ જેમ ચૂંટણી નજીક આવતી જશે તેમ તેમ અન્ય પક્ષોના ઉમેદવારો પણ આ વિસ્તારમાં સક્રિય બનશે તેવી સંભાવનાઓ ઉભી થઈ છે.

# શહેરના વેપારીને ઐઠોર નજીક લૂંટી લીધા

### ત્રણ શખ્સો વેપારીના ૧૦ લાખ રોકડા અને કાર લઈ નાસી છુટ્યા, વેપારીને બંદૂકની અણીએ બંધક બનાવ્યા હતા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના સરગાસણ ખાતે રહેતા બનાસકાંઠાના એક વેપારીને ત્રણ અજાણ્યા સશસ્ત્ર લૂંટારૂઓએ રીવોલ્વર બતાવી બંધક બનાવી ઊંઝા નજીકના ઐઠોર ગામની સીમમાં તેમની પાસેથી ૨૦ લાખની રોકડ રકમની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે. લૂંટારૂઓ વેપારીની કાર લઈને ફરાર થઈ ગયા હતા.

ગાંધીનગર નજીક સરગાસણ ખાતે રહેતા રમેશભાઈ ચૌધરી બનાસકાંઠાના ઢીમા ગામે જીરા સહિતના વેપાર અંગે ટ્રેડીંગ કંપની ધરાવે છે. આજે વહેલી સવારે આ વેપારી પોતાની મોટરકારમાં ૨૦ લાખની રોકડ રકમ લઈને બનાસકાંઠા જવા નીકળ્યા હતા ત્યારે અડાલજ ચોકડીથી ત્રણ અજાણ્યા શખ્સો પાલનપુર જવા માટે મુસાફરના સ્વાંગમાં બેસી ગયા હતા. વેપારી કાર હંકારીને મહેસાણા નજીક આવતાં ત્રણ શખ્સો પૈકી એક શખ્સે ઉલટી થતી હોવાના બહાને કાર થોભાવી હતી. આ દરમિયાન ત્રણ અજાણ્યા શખ્સોએ રીવોલ્વરની અણીએ વેપારીને બંધક બનાવી વેપારીની કાર આગળ હંકારી દીધી હતી. બાદ આ લૂંટારૂઓ ઉનાવા બાયપાસ હાઈવેથી ઐઠોર તરફ જવાના માર્ગે આગળ વધ્યા હતા અને ઐઠોર જી.આઈ.ડી.સી.માં અવાવરૂ જગ્યાએ જઈ વેપારીને અહીં છોડી તેમની પાસેની રૂપિયા ૨૦ લાખની રોકડ રકમ તેમજ વેપારીની કાર લઈને ક્યાંક નાસી છૂટ્યા હતા. ત્યારબાદ આ વેપારી ઉનાવા પોલીસમથકે દોડી ગયા હતા. અંગે ઉનાવા પોલીસે ત્રણ અજાણ્યા શખ્સો સામે લૂંટનો ગુનો દાખલ કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, વિવિધ એજન્સીઓ, એફ.એસ.એલ. સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ફરાર થયેલા લૂંટારૂઓની શોધખોળ હાથ ધરી હતી.

# બેંક ઓફ ઈન્ડિયાનો ૧૧૬મો સ્થાપના દિન ૧૧૬ વૃક્ષોના વાવેતર સાથે ઉજવાયો

ગાંધીનગર, તા.૭

શહેરના સેક્ટર-૧૬ ખાતેની બેંક ઓફ ઈન્ડિયાની ગાંધીનગર ઝોનલ કચેરી દ્વારા આજે તા.૭મી સપ્ટેમ્બરના રોજ બેંકના ૧૧૬મા સ્થાપના પ્રસંગે બેંકના ગાંધીનગર ઝોનના ઝોનલ મેનેજર રવિ શંકર, ડેપ્યુટી ઝોનલ મેનેજર ગિરીશ કુમાર, માર્કેટિંગ હેડ જતીન ચંદ્રભારુ, બેંક ઓફ ઈન્ડિયા ઓફિસર્સ ઓફ ઈન્ડિયાના ગાંધીનગર વિસ્તારના તમામ કર્મચારીઓએ આમાં સંપૂર્ણ યોગદાન આપ્યું હતું. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર પ્રશાંત રાઘવ સહિત



દિવસની ઉજવણીના ભાગરૂપે ૧૧૬ વૃક્ષોનું વાવેતર અને વૃદ્ધાશ્રમ આશ્રિત વડીલોને જમાડવા સાથે તેમને બેસવા સિરામિક બાંકડાનું દાન કરવામાં આવ્યું હતું.

બેંક ઓફ ઈન્ડિયાની ગાંધીનગર ઝોનલ કચેરી દ્વારા આજે તા.૭મી સપ્ટેમ્બરના રોજ બેંકના ૧૧૬મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે શહેરના સેક્ટર-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે કુલ ૧૧૬ વૃક્ષોના રોપાઓના વાવેતર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એસોસિએશનના ગાંધીનગર ઝોનના ડેપ્યુટી જનરલ સેક્રેટરી હિમાંશુ ગઢવી, બેંક ઓફ ઈન્ડિયા એવોર્ડ સ્ટાફ યુનિયનના હિમાંશુ પંચાલ, એસસી, એસટી, ઓબીસી એસોસિએશન ઓફ બેંક ઓફ ઈન્ડિયા બી. જે. મેવાશી અને નીતિરાજ સુતરિયા અને બેંક સ્ટાફે તેમના સંપૂર્ણ સહકારથી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ ઉપરાંત બેંક દ્વારા કોર્પોરેટ સામાજિક જવાબદારી હેઠળ સેક્ટર-૧૭ માં સ્થિત ‘કૃષ્ણા વૃદ્ધાશ્રમ’ના વૃદ્ધોને મધ્યાહન ભોજન અને બેસવા માટે સિરામિક બાંકડાનું દાન કર્યું હતું.

ટચુકડી
જાહેર ખબર
ગાંધીનગર સમાચાર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧